# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

નં.શાશિ/યુવામહોત્સવ/૫૩૭૮/૨૦૨૩
યુનિવર્સિટી રોડ,પો.બો. નં. ૨૧
પાટણ–૩૮૪૨૬૫
તારીખ: ૨૭/૧૦/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી, આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો,
અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ

**વિષય: યુનિવર્સિટીના " ૩૪" મા યુવા મહોત્સવ અગે.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ :૨૦૨૩–૨૪માં આંતર કોલેજ યુવા મહોત્સવનું ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના યજમાન પદે **તા.૧૧–૧૨–૧૩ ડીસેમ્બર–૨૦૨૩** ના રોજ આયોજન થનાર છે. આ યુવા મહોત્સવમાં ભાગ લેવા માટે આપની ટીમનું રજીસ્ટ્રેશન Website www.youth.hngu.net ઉપર ફરજીયાત પણે કરવાનું રહેશે. ઓફલાઈન એન્ટ્રી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.

**ઓનલાઈન રજીસ્ટ્રેશન સ્વીકારવાની અંતિમ તારીખ ૦૭/૧૨/૨૦૨૩ છે.**

**નોંધ** : રજીસ્ટ્રેશન સમયસર કરવાનો આગ્રહ રાખશો. તા.૦૭/૧૨/૨૦૨૩ બાદ કોઈપણ કોલેજનું રજીસ્ટ્રેશન સ્વીકારાશે નહિ, તથા જે કોલેજ / અનુસ્નાતક વિભાગની શૈક્ષણિક વર્ષ :૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ ની રમત–ગમત–સાંસ્કૃતિક ફી બાકી હોય તે કોલેજ/અનુસ્નાતક વિભાગ ભાગ લઇ શકશે નહિ. તેની નોંધ લેવા વિનંતી છે.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ. ચિરાગ એ. પટેલ)
નિયામક
શા.શિ.,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**બિડાણ:–**

(૧) સ્પર્ધા અંગેની સામાન્ય સુચનાઓ અને નિયમો
(૨) પરિશિષ્ટ– A માં સ્પર્ધા અંગેની માહિતી

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## "૩૪" મો આંતર કોલેજ યુવક મહોત્સવ
## સને ૨૦૨૩–૨૪

## <u>સામાન્ય માહિતી</u>

**૧. પ્રવેશ યોગ્યતા**

યુનિવર્સિટીનો અથવા કોલેજના પૂર્ણ સમયના અભ્યાસક્રમનો વિદ્યાર્થી યુવા મહોત્સવમાં ભાગ લઈ શકશે. ઓછામાં ઓછા એક શૈક્ષણિક વર્ષનો અભ્યાસ કરતો વિદ્યાર્થી હોવો જોઈએ. વધુમાં વિદ્યાર્થીએ તા. ૦૧–૦૭–૨૦૨૩ ના રોજ ૨૬ વર્ષ પૂરા કર્યા ન હોય તે જ ભાગ લેવા માટે યોગ્ય ગણાશે.

**૨. યુવક મહોત્સવ ટીમની સંખ્યા**

દરેક કોલેજમાંથી સહાયકો સહિત વધુમાં વધુમાં ૩૨ કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ટીમ મેનેજર એક પ્રાધ્યાપક ભાઈ અને એક પ્રાધ્યાપિકા બહેન સહિત ૩૨ સંખ્યા રહેશે. (૩૦ સ્પર્ધક + ૨ ટીમ મેનેજરશ્રી)

(નોંધ : શકય હોય ત્યાં સુધી સહાયકો તરીકે વિદ્યાર્થીઓને પસંદ કરવા, વિદ્યાર્થી સાજીંદા જ પ્રમાણપત્ર માટે પાત્ર ગણાશે. જો બહારના સહાયકો હોય તો વધુમાં વધુ ટુકડીમાં પાંચ સહાયકો લાવી શકાશે. જે સંખ્યા ૩૦ સ્પર્ધકો પૈકી ગણાશે. બિન વિદ્યાર્થી સહાયકો કોઈપણ પ્રમાણપત્ર માટે લાયક ગણાશે નહિ.)

**૩. પરિચય પત્ર**

ભાગ લેનાર દરેક વિદ્યાર્થીએ પોતાની કોલેજનું પરિચય પત્ર (આઈડેન્ટી કાર્ડ) અવશ્ય સાથે રાખવાનું રહેશે.

**૪. પ્રવાસ ખર્ચ**

ભાગ લેનાર કોલેજોએ યુવા મહોત્સવની ટુકડીનો પ્રવાસ ખર્ચ પોતે ભોગવવાનો રહેશે.

**૫. રહેવા જમવાની વ્યવસ્થા**

સ્પર્ધકો, સહાયકો તથા ટીમ મેનેજરો માટે રહેવા જમવાની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે.

**૬. ડીપોઝીટ**

ભાગ લેનાર દરેક કોલેજે તેમના આગમનબાદ રજીસ્ટ્રેશન કરાવતાં સમયે રૂા.૩,૦૦૦/– ડીપોઝીટ યજમાન વિભાગમાં જમા કરાવી પાવતી મેળવવાની રહેશે તેમજ પરત જતા સમયે પાવતી પરત જમા કરાવી ડીપોઝીટના નાણાં પરત મેળવવાના રહેશે.

**૭. શિસ્ત અંગે**

(અ) સ્પર્ધાના સ્થળે, સ્પર્ધાના દિવસો દરમ્યાન સ્પર્ધાનું ગૌરવ જળવાય તે માટે શિસ્ત પાળવી જરુરી છે. કોઈપણ સ્પર્ધક શિસ્ત ભંગ કરશે તો તેની કોલેજને આગામી યુવક મહોત્સવ માટે ગેરલાયક ઠરાવવા બોર્ડ ઓફ સ્ટુડન્ટ વેલ્ફેરને ભલામણ કરવામાં આવશે અને તેને સ્પર્ધામાંથી તાત્કાલિક રદબાતલ કરવામાં આવશે.

(બ) કોઈપણ કોલેજ કોઈપણ પ્રકારના વિવાદ માટે પ્રેસ દ્વારા અથવા અન્ય પ્રચાર માધ્યમ ધ્વારા વિવાદ ઉભો કરશે તો તે કોલેજ માટે યુનિવર્સિટી ધ્વારા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

**૮. ભાગ લેવા અંગેની માહિતી**

નિવાસ અને ભોજનની વ્યવસ્થા આયોજકોએ કરવાની હોય છે. તેથી કોલેજ એન્ટ્રી મોકલ્યા પછી ઘણી વખત આવવાનું ટાળે છે. અને આયોજકોને તેની જાણ કરવાની દરકાર લેવાતી નથી. તેને કારણે ભોજનના પહેલા ટંકની રસોઈનો બગાડ થવાનું બને છે. તેથી તે અંગે પુરતી તકેદારી રાખવી જોઈશે. તકેદારી નહિ રાખનાર કોલેજોએ શિસ્ત ભંગ કર્યો ગણાશે.

આ ઉપરાન્ત આપની ટીમ રાત્રી નિવાસ કરનાર છે કે નહી? તેની વિગત પણ દર્શાવવા વિનંતી જેથી કરીને સુચારૂ નિવાસ વ્યવસ્થા ગોઠવી શકાય.

**૧૦. આવાગમન**

ઉદ્‌ઘાટન સમારંભમાં ભાગ લેવા દરેક ભાગ લેનાર કોલેજોએ સમયસર ટૂકડીઓ મોકલી આપવાની રહેશે. અને તે અંગેની જાણ આયોજકોને અગાઉથી સમયસર કરવાની રહેશે.ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભમાં તમામ વિદ્યાર્થી કલાકારો હાજર રહે તે ફરજિયાત રહેશે.

**૧૧. સ્પર્ધામાં વિષય જાહેરાત**

સ્પર્ધામાં વિષય જાહેર કરવાની જયાં આવશ્યકતા છે ત્યાં વિષયોની જાહેરાત સ્પર્ધા સ્થળે કરવામાં આવશે.

**૧૨. સ્પર્ધા અંગેના નિયમો**

આંતર યુનિવર્સિટી યુવક મહોત્સવના નિયમાનુસાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. તેમ છતાં નીચેની વિગતો વિશેષ રુપે નિયમોમાં ગણાશે.

(અ) સ્પર્ધક કોલેજે કલાકારોને જરૂરી વાદ્ય સાથે લાવવાના રહેશે.

(બ) મેકઅપનો સામાન, વિશેષ લાઈટીંગ વ્યવસ્થા વગેરે સ્પર્ધક કોલેજે પોતાની સાથે લાવવાના રહેશે.

(ક) નૃત્ય અને સંગીતના કાર્યક્રમમાં પ્રિ –રેકોર્ડેડ કેસેટનો ઉપયોગ થઈ શકશે નહિ.

(ડ) સ્પર્ધાની કૃતિઓ અંગેનો નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે.

(ઈ) સ્પર્ધક કોલેજ કૃતિ અંગેના નિયમોનો પૂરતો અભ્યાસ કરી લે તે જરુરી છે.

(ઉ) સ્પર્ધાના નિયમોનો જો ભંગ થયો છે તેમ લાગતુ હોય તો તે અંગેનો વિરોધ સંબંધિત કોલેજે સ્પર્ધા પૂરી થયાના એક કલાકની અંદર આયોજકોને રૂપિયા ૧૫૦–૦૦ની ફી સાથે લેખિત સ્વરુપે નોંધાવવાનો રહેશે. જયુરી ઓફ અપિલના નિર્ણયને આખરી ગણવામાં આવશે. વિરોધ નોંધાવનાર કોલેજોનો દાવો મંજૂર રહેશે તો રૂા. ૫૦–૦૦ ની રકમ પરત કરવામાં આવશે.

(વ) સ્પર્ધાનું વિસ્તૃત સમયપત્રક હવે પછી મોકલવામાં આવશે. તે મુજબ સ્પર્ધકો હાજર રાખવાના રહેશે.

૧૩. જુદી જુદી કોલેજોની જે તે સ્પર્ધા માટેની કૃતિ રજૂ કરવાનો ક્રમ સ્પર્ધાના સંજોગો પ્રમાણે આયોજકો ધ્વારા નકકી થશે. અને તે માન્ય રાખવાનો રહેશે. જરૂર પડયે ક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર આયોજકોનો રહેશે.

૧૪. સ્પર્ધામાં રજૂ થનાર કૃતિઓ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરનારી હોય તેમ જ ભારતની સુગ્રથિતતા એકતા, સત્ય, સમર્પિતતા, તથા દેશ પ્રેમને પ્રાધાન્ય આપનાર હોય તે ઈચ્છનીય છે. આ કૃતિઓ ધર્માન્ધતા, વહેમ, હિંસા, અંધશ્રધ્ધાને પોષતી ન હોવી જોઈએ. તેમજ કાયદાકીય રીતે બાધ્ય ન હોય તે પ્રકારની હોવી જોઈએ.

૧૫. શિસ્તભંગના કારણે કોઈપણ સ્પર્ધક/ ટીમને સ્પર્ધામાંથી રદ બાતલ કરવાનો આયોજકશ્રીનો અધિકાર રહેશે.

(ડૉ. ચિરાગ એ. પટેલ)
નિયામક
શા.શિ.,યુવા.અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

परिशिष्ट– A

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

'૩૪' મો આંતર કોલેજ યુવક મહોત્સવ ૨૦૨૩–૨૪ની સ્પર્ધાની પ્રવૃત્તિની વિગત

**સ્પર્ધાના વિભાગ :**

**(૧) સંગીત વિભાગ**

| ક્રમ | વિભાગ | સ્પર્ધક વિદ્યાર્થી સંખ્યા | સહાયકો | કુલ સંખ્યા | સ્પર્ધાનો ઓછામાં ઓછો સમય (મિનિટ) | સ્પર્ધાનો વધુમાં વધુ સમય(મિનિટ) |
|---|---|---|---|---|---|---|
| **(૧)** | **સંગીત વિભાગ** | | | | | |
| અ | શાસ્ત્રીય કંઠય સંગીત હિન્દુસ્તાની /કર્ણાટકી | ૧ | ૨ | ૩ | ૮ | ૧૦ |
| બ | તાલ વાદ્ય સંગીત | ૧ | ૨ | ૩ | ૮ | ૧૦ |
| ક | સ્વર વાદ્ય સંગીત | ૧ | ૨ | ૩ | ૮ | ૧૦ |
| ડ | હળવું કંઠયસંગીત(ભારતીય) * | ૧ | ૨ | ૩ | ૪ | ૬ |
| ઈ | પાશ્ચાત્ય કંઠય સંગીત* | ૧ | ૨ | ૩ | ૪ | ૬ |
| ફ | સમૂહ ગીત(ભારતીય) | ૬ | ૩ | ૯ | ૮ | ૧૦ |
| ગ | સમુહગીત (પ્રાશ્ચાત્ય) | ૬ | ૩ | ૯ | ૮ | ૧૦ |
| હ | પ્રાદેશીક વૃંદવાદન | ૯ | ૩ | ૧૨ | ૮ | ૧૦ |
| **(૨)** | **નૃત્ય વિભાગ** | | | | | |
| અ | પ્રાદેશિક /સમૂહ નૃત્ય | ૧૦ | ૫ | ૧૫ | ૮ | ૧૦ |
| બ | શાસ્ત્રીયનૃત્ય | ૧ | ૩ | ૪ | ૧૨ | ૧૫ |
| **(૩)** | **સાહિત્ય વિભાગ** | | | | | |
| અ | કવીઝ | ૩ | ૦ | ૩ | અ | અ |
| બ | વકતૃત્વ સ્પર્ધા* | ૧ | ૦ | ૧ | ૪ | ૫ |
| ક | ડીબેટ* | ૨ | ૦ | ૨ | ૪ | ૫ |
| **(૪)** | **નાટયકલા** | | | | | |
| અ | એકાંકી | ૯ | ૩ | ૧૨ | ૨૫ | ૩૦ |
| બ | સ્કીટ | ૬ | ૩ | ૯ | ૮ | ૧૦ |
| ક | માઈમ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ |
| ડ | મીમીક્રી* | ૧ | ૦ | ૧ | ૪ | ૫ |
| **(૫)** | **લલિતકલા** | | | | | |
| અ | શીઘ્ર ચિત્ર સર્જન | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |
| બ | કોલાજ | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |
| ક | પોસ્ટર મેકીંગ | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |
| ડ | કલે મોડેલિંગ(માટીકામ) | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |
| ઈ | કટાક્ષ ચિત્ર સર્જન | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |
| ફ | રંગોલી | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |
| ગ | સ્પોર્ટ ફોટોગ્રાફી | ૧ | ૦ | ૧ | ૨ કલાક | ૨.૫ કલાક |

નોંધ :– (*) ચિન્હ દર્શાવતી પાંચ સ્પર્ધામાં મહત્તમ સમય મર્યાદા બાદ ખાસ વધારાનો સમય ૧૫ સેકન્ડ આપવામાં આવશે. તે સિવાયની તમામ સ્પર્ધાઓમાં મહત્તમ સમય મર્યાદાબાદ ખાસ વધારાનો સમય ૩૦ સેકન્ડ આપવામાં આવશે.

(ડૉ. ચિરાગ એ. પટેલ)
નિયામક
શા.શિ.,યુવા.અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ

તારીખ : ૨૭/૧૦/ ૨૦૨૩